ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગગનમાંથી વરસ્યા અગનગોળા : પારો ૪૪ ડિગ્રી

## રાજ્યમાં સૌથી ગરમ શહેર ગાંધીનગર : શહેરમાં પુનઃ ગરમીનુ તીવ્ર મોજુ : જનજીવન પર ઘેરી અસર : ગરમી દૂર કરવા જાતભાતના ઉપાયો અજમાવતા શહેરીજનો : ઠંડાપીણા, આઈસક્રીમની માંગમાં વધારો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં પુનઃ હીટવેવ શરૂ થઈ છે. મહત્તમ તાપમાન ૪૪.૦ ડિ.સે. પહોંચી જતાં આકાશમાંથી જાણે અગનગોળા વરસ્યા હતા. આગ ઓકતી ગરમીની અસર જનજીવન પર જોવા મળી હતી. લઘુત્તમ તાપમાન ૩૧ ડિ.સે. પહોંચતા રાત્રે પણ ખુબ ઉકળાટ અનુભવાયો હતો.



ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. મે માસના અંતિમ દિવસોમાં આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. આખો દિવસ ગરમ લુ ફૂંકાય છે. આકરી ગરમીની અસર જનજીવન પર જોવા મળી રહી છે. છેલ્લા એક અઠવાડિયાથી મહત્તમ તાપમાન ૪૨-૪૩ ડિ.સે.ની આસપાસ રહ્યું છે. આજે તો સવારથી જ સૂર્ય આકરા પાણીએ રહેતા વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. કચેરીઓમાં પહોંચેલા કર્મચારીઓએ પણ સતત કુલર, એસી અને પંખા ચાલુ રાખી ગરમી ભગાડવાનો પ્રયાસ ચાલુ રાખ્યો હતો. બપોરના સમયે તો એવુ લાગતુ હતુ કે જાણે આકાશમાંથી અંગારા વરસી રહ્યા હોય. આકરી લુ ફંકાતા વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. સૂર્યાસ્ત બાદ પણ લુ ચાલુ રહેતા વસાહતીઓએ ઠંડક મેળવવાના પ્રયાસો ચાલુ રાખ્યા હતા. સ્વર્ણિમ પાર્ક વિસ્તારમાં વસાહતીઓએ જમાવડો કર્યો હતો. મોડીરાત સુધી અહીં વસાહતીઓની અવરજવર રહી હતી. ઠંડા પીણા અને આઈસક્રીમનો ઉપયોગ ખુબ વધી ગયો છે.

ભારે ગરમી પડતાં વસાહતીઓમાં મોટી માત્રામાં લુ લાગવાના અને ઝાડા-ઉલ્ટીના બનાવો નોંધાઈ રહ્યા છે. લુ લાગવાને કારણે બીમાર પડતાં વસાહતીઓની ભીડ ખાનગી અને સરકારી દવાખાનાઓમાં જોવા મળી રહી છે. હજુ આગામી બે અઠવાડિયા ગરમીના મામલે આકરા રહેશે. હવામાન વિભાગે હજુ એક અઠવાડિયું હીટવેવ જારી રહે તેવી આગાહી કરી છે. જૂન માસના પ્રારંભે ધીમે ધીમે ગરમીમાં ઘટાડો થશે અને ભેજમાં વધારો થશે. ત્યાં સુધી માથુ ફાડી નાંખતી ગરમીથી બચવાના ઉપાયો શોધવા રહ્યાં.

## બે સંયુક્ત ચૂંટણી અધિકારીઓ નિમાયા

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી રાજ્ય સરકારે તેની તૈયારીઓ શરૂ કરી છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સ્વૈનને તેમની કાર્યવાહીમાં મદદરૂપ થવા માટે આજે બે સંયુક્ત ચૂંટણી અધિકારીઓની નિમણુંકના હુકમો કર્યા છે.

દાહોદ કલેક્ટર તરીકે બદલી પામેલા લલિત પાડલિયા તેમજ જે.કે. ગઢવીને મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીમાં સંયુક્ત ચૂંટણી અધિકારી તરીકેની નિમણૂંકના હુકમો જારી કર્યા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેની ધીમીગતિએ તૈયારીઓ હાથ ધરાઈ છે.

## નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૨૫

રાજ્ય સરકારના મહેસુલ વિભાગે આજે ડે. કલેકટર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે. આજે કરાયેલ બદલીના હુકમોમાં ગાંધીનગર જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કરની બદલી ભાવનગર કરી છે.

ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે બાલાસિનોર પ્રાંત અધિકારી તરીકે ફરજો બજાવતા વિપુલ ઠક્કરની નિમણુંક કરવામાં આવી છે.

મહેસુલ વિભાગે નવ જેટલા નાયબ કલેક્ટરોની બદલીના હુકમો આજે કર્યા છે. આ ઉપરાંત એક એડીશનલ કલેક્ટરની બદલીના હુકમો પણ અલગથી કરવામાં આવ્યા છે.

## શિક્ષણ વિભાગમાં વર્ગ-૧ના નવા પસંદગી પામેલ અધિકારીઓ નિમાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ફરજો બજાવતા સંજયભાઈ પરમારની વર્ગ-૧ માં પસંદગી થતાં તેમને મદદનીશ કમિશનર શાળાઓ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

રાજ્યના શિક્ષણ વિભાગે તાજેતરમાં શિક્ષણ સંવર્ગ સેવા વર્ગ-૧ની જીપીએસસી દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની નિમણુંકના હુકમો આજે કર્યા છે.

| ઉમેદવારનું નામ | નિમણુંકની જગ્યા |
|---|---|
| રાકેશ રાજેન્દ્રકુમાર વ્યાસ | વહીવટી અધિકારી, ઉ.શિ. કમિશનરની કચેરી, ગાંધીનગર |
| અશોકભાઈ પશાભાઈ રાઠવા | સંશોધન અને મૂલ્યાંકન અધિકારી, એસએસએ-ડીપીઈપી-ગાંધીનગર |
| શિલ્પાબેન ઠાકોરભાઈ પટેલ | મદદનીશ નિયામક, સાક્ષરતા નિયામકની કચેરી, ગાંધીનગર |
| સંજયકુમાર બબાભાઈ પરમાર | મદદનીશ નિયામક, કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર |
| નિવેદીતાબેન હરીસંગભાઈ ચૌધરી | મદદનીશ નિયામક, કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર |
| ભાવસિંહ હમીરભાઈ વાઢેળ | કો. ઓર્ડીનેટર, એસ.ટી.ટી.આઈ. ગાંધીનગર |
| મયુરકુમાર શાંતિલાલ પારેખ | રીડર જીસીઈઆરટી, ગાંધીનગર |

# જિલ્લાના નારદીપુરમાંથી કોલેરાના ૪ કેસ મળ્યા

## જિલ્લામાં પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ : તંત્ર દ્વારા કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરવાની કવાયત હાથ ધરાઈ : નારદીપુરમાં ૧૮મીના લગ્ન સમારંભમાં ભોજન લીધા બાદ ઝાડાના કેસો સતત મળી રહ્યા છે : એક લિકેજ પણ મળી આવ્યુ

ગાંધીનગર, તા. ૨૫

કલોલ તાલુકાના નારદીપુર ગામે ગત તા. ૧૮મીના રોજ ભોજન સમારોહ બાદ થયેલ ફૂડ પોઈઝનીંગના કેસો પૈકી ૪ દર્દીઓને કોલેરા હોવાનુ જણાતાં જિલ્લાનું આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યું છે અને નારદીપુરને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવાની કવાયત હાથ ધરી છે.

૧૮મીએ લગ્નના ભોજન સમારંભ બાદ ૨૦મીએ ઝાડાના કેસ નોંધાયા હતા. આ પછી કરાયેલ સર્વેલન્સમાં વધુ ૧૮ કેસ મળી આવ્યા હતા. જો કે આ પછી સાદા ઝાડાના કેસોની ફરિયાદ સતત નારદીપુર આરોગ્ય કેન્દ્રમાં થતી હતી. ત્યાંથી ૪ દર્દીએ અગાઉ દાખલ કરાયેલ હતા તેમના ઝાડાની તપાસ કરાવતાં કોલેરા પોઝીટીવ હોવાનુ તારણ તંત્રને મળ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં ઝાડાના કુલ ૭૧ જેટલા કેસ નોંધાયા છે. તંત્રને સર્વેલન્સ દરમ્યાન જી.ઈ.બી. નજીકથી એક પાણીનું લિકેજ પણ મળી આવ્યું છે જે દુરસ્ત કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય તંત્રએ કોલેરાના મળી આવેલા ૪ કેસોને પગલે નારદીપુર ગામને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં આ કેસો સાથે કોલેરાના ૭ કેસ નોંધાયા છે. જે પૈકીના ૩ કેસ ગાંધીનગર તાલુકામાં છુટાછવાયા નોંધાયા છે. પાણીજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.



સ્વચ્છતા અભિયાનન ધજાગરા - સમગ્ર પંથકમાં પિકનીક પોઈન્ટ તરીકે જાણીતો બનેલ સેક્ટર-૨૮નો બાલોદ્યાન ગંદકીથી ઉભરાય છે... વેકેશનમાં પિકનીક આવતા મુલાકાતીઓના નાસ્તા-પાણીના પડીકા અને પ્લાસ્ટીકના કચરા ઠેર ઠેર જોવા મળે છે... સફાઈના નામે મીંડુ હોય તેમ દેખાય છે... તંત્ર યાત્રાધામો, તીર્થધામો અને પ્રવાસધામો સ્વચ્છ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યું છે ત્યારે પાટનગરના બાળકો માટેના બગીચામાં જ સ્વચ્છતાની ઉદાસીનતા ચિંતા ઉપજાવે છે... જોકે આમાં મુલાકાતીઓ પણ એટલા જ જવાબદાર છે જેટલું તંત્ર જવાબદાર છે... નાસ્તા-પાણી કર્યા પછી કચરો જો કચરા પેટીમાં જ નાખવો જ જોઈએ એવો નાગરિક ધર્મ પણ મુલાકાતીઓ ભૂલી જાય છે એ કમનસીબ છે.... બંને પક્ષે જવાબદારી છે... બંનેની ફરજ છે...

## સિવિલ સોસાયટી વિષયક ચર્ચા મંચ યોજાયો

અમદાવાદ, તા. ૨૫

આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની બાવનમી સામાન્ય સભાના આજે ચોથા દિને સિવિલ સોસાયટી વિષયક ચર્ચા મંચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચર્ચા મંચમાં ઉપસ્થિત ફીફાના સીઈઓ કમલ ખુરાનાએ જણાવ્યું હતું કે, દેશનો સર્વાંગી વિકાસ કરવા માટે સિવિલ સોસાયટીની મહત્વની ભૂમિકા છે. ભારત દેશમાં ખાનગી ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા પરીણામલક્ષી અસરકારક નીતિઓ અને પગલા ભરવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વને ભારત દેશની નીતિઓ અને માર્કેટ આકર્ષી રહ્યું છે. તેમણે ગુજરાતની વર્લ્ડ ફેમસ અમુલ બ્રાન્ડ અને અમુલ ડેરીની વાત કરતા જણાવ્યું હતું કે, અમુલ ડેરી ગુણવત્તાયુક્ત ડેરીની વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓ આપે છે.


**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31ST MARCH 2017**

Rs. in Lacs

| Sr. No. | Particulars | Standalone | | | | Consolidated | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | | Year ended | | Year ended | |
| | | 31.03.2017 (Audited) | 31.03.2016 (Audited) | 31.03.2017 (Audited) | 31.03.2016 (Audited) | 31.03.2017 (Audited) | 31.03.2016 (Audited) |
| 1 | Total income from operations | 27,194.91 | 24,539.47 | 1,11,575.63 | 1,05,756.44 | 1,10,633.99 | 1,03,914.26 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 17,104.39 | 15,351.07 | 73,778.80 | 66,883.84 | 72,837.16 | 65,041.67 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | 17,104.39 | 15,351.07 | 73,778.80 | 66,883.84 | 72,837.16 | 65,041.67 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 12,698.81 | 9,945.82 | 49,663.96 | 44,535.20 | 53,889.74 | 46,523.37 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 12,831.34 | 10,024.95 | 49,641.17 | 44,594.77 | 52,766.34 | 45,708.58 |
| 6 | Equity Share Capital (Face value of Rs. 10/- each) | 56,358.77 | 56,334.01 | 56,358.77 | 56,334.01 | 56,358.77 | 56,334.01 |
| 7 | Reserves excluding revaluation reserves as per balance sheet of previous accounting year | | | 3,93,238.55 | 3,50,584.18 | 3,88,191.59 | 3,42,310.02 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) | | | | | | |
| | Basic (Rs.) | 2.28 | 1.78 | 8.81 | 7.91 | 9.56 | 8.26 |
| | Diluted (Rs.) | 2.28 | 1.78 | 8.81 | 7.90 | 9.56 | 8.26 |

Notes:
(1) The above is an extract of the detailed format of Quarterly / Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Standalone and Consolidated Quarterly / Annual Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com).
(2) The Board of Directors of the Company have recommended dividend of Rs. 1.50 (@15%) per share of Rs. 10/- each on equity shares of the Company for the financial year 2016-17, subject to the approval of shareholders in ensuing Annual General Meeting.
(3) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 25th May, 2017.
(4) The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified / regrouped / restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 25th May, 2017

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director



**વધે તમારી નામના એ જ અમારી શુભકામના**



**સંજયભાઈ બી. પરમાર**

ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ફરજો બજાવતા સંજયભાઈ બી. પરમાર તાજેતરમાં જી.પી.એસ.સી. દ્વારા શિક્ષણ સેવા સંવર્ગની લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા હતા.

રાજ્ય સરકારે તેમની વહીવટીય કુશળતાને ધ્યાને લઈ કરેલા નિમણુંકના હુકમોમાં તેમને મદદનીશ કમિશનર સ્કૂલ્સ ગાંધીનગર ખાતે નિમણુંક આપી છે.

સંજયભાઈ પરમારે જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ પ્રોત્સાહક કાર્યો દ્વારા ગુણવત્તાસભર શિક્ષણ બનાવવામાં અગ્રેસરની ભૂમિકા ભજવી છે. જિલ્લાનો શિક્ષક સમુદાય તેમની આ નવી નિમણુંકને હ્રદયથી પોંખીએ છીએ... તેમને નવી નિમણુંક માટે શુભકામનાઓ પાઠવીએ છીએ...

● જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ પરિવાર ●



**જોઈએ છે**

વ. શ્રી ડી.એન.એજ્યુકેશન ટ્રસ્ટ,સંચાલિત નંદનવન આશ્રમ શાળા નાનાકોટડામાં ત્રીજા શિક્ષકની ભરતી માટે મળેલ એન.ઓ.સી.થી યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિન-૭ માં આર.પી.એડી.થી નીચેના સરનામે અરજી કરવી.

**શૈક્ષણિક લાયકાત :- પી.ટી.સી./બી.એ.બી.એડ.**

નોંધઃ-એસ.સી.ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

પત્રવ્યવહારનું સરનામું

**સ્વ.શ્રી ડી.એન.એજ્યુકેશન ટ્રસ્ટ**
મું.પો. નાનાકોટડા, તા.ઈડર
જી. સાબરકાંઠા, પી.નં.૩૮૩૧૧૦



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અર્ચી 93 761 80003
93 288 9 3535
89 80 10 1515



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com